જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/03/૨૦૨૦ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૫૪૦/૨૦૨૦**

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

રીક્ષામાં મુસાફર તરીકે બેસાડી ચપ્પુની અણીએ લુંટ કરતી ગેંગ પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન નાઓની સુચના તેમજ પોલીસ ઈન્સપેકટર ડી.જે.ચુડાસમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ. તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તાર મેઘાણીનગર ખાતે દાખલ થયેલ પાર્ટ.A-ગુ.ર.નં-11191033200283/2020 I.P.C કલમ - 395,384,324,323, 506(2), 114 તથા G.P.Act કલમ- 135(1) મુજબના ગુનાના આરોપીઓની પકડવા સારૂ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ.વી.એ.હરકટ તથા હે.કો સિરાજઅહેમદ લીયકતઅલી બ.નં-૮૩૩૮ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે લુંટના આરોપીઓને રામેશ્વર બ્રીજ નીચેથી પકડી પાડી તેમજ નીચે મુજબનો મુદ્દામાલ કબ્જે કરી સારી અને પ્રશંષનીય કામગીરી કરેલ છે.

આરોપીઓની એમ .ઓ.

નીચે મુજબના તમામ આરોપીઓ રાત્રીના સમય દરમ્યાન રેલ્વે સ્ટેશન તેમજ બસ સ્ટેશન પર મુસાફરી પુરી કરી આવતા મુસાફરોને રિક્ષામા પેસેન્જર તરીકે બેસાડી આગળથી બીજા ગેંગના સાગરીતોને રિક્ષામાં બેસાડી તમામ આરોપીઓ ભેગા મળી મુસાફરોને અવાવરૂ જગ્યાએ લઇ જઇ તિક્ષ્ણ હથિયાર બતાવી તેમજ ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મુસાફરો પાસેથી મોબાઇલ તેમજ રોકડ રકમ લુંટી તેમજ રસ્તે જતા રાહદારીઓને પણ માર પીટ કરી તિક્ષ્ણ હથિયાર બતાવી મોબાઇલ ફોન તેમજ રોકડ રકમ લુંટી ભાગી જવાની એમ.ઓ. ધરાવે છે.

આરોપીઓનું નામ સરનામુ

નં.(૧)રાજેશ ઉર્ફે ટકલો ઇશ્વરભાઇ જાતે-પટણી (કંટારીયાવાળા) ઉ.વ.-૧૯ ધંધો- રી.ડ્રા. રહે-૧૫૫ પાટણનગર કમલેશ નગરીની બાજુમા ખોડીયાર નગર કૃષ્ણનગર ઠક્કરબાપા નગર અમદાવાદ

નં.(૨)મનોજ ઉર્ફે લલ્લુ અશોકભાઇ જાતે-પટણી (બાપુલાવાળા) ઉ.વ-૧૯ ધંધો- રી.ડ્રા.રહે-ઇંદીરાનગરના છાપરા ભરવાડવાસ ગોપાલ ચોક નવા નરોડા અમદાવાદ શહેર

નં.(૩)રાહુલ ઉર્ફે હુક્કો પુનમભાઇ જાતે-પટણી (ઢોલાવાળા) ઉ.વ-૨૦ ધંધો- રી.ડ્રા. રહે- છેલ્લા બસ સ્ટેન્ડ અંબેમાતાના મંદીરની બાજુમા બાપુનગર અમદાવાદ શહેર

નં.(૪) ભરત ઉર્ફે અજ્યો ઉર્ફે અજય નાથાજી જાતે-ઠાકોર ઉ.વ-૧૯ ધંધો- રી.ડ્રા. રહે-ગંગા નગર સોસાયટી રાજાવીર સોસાયટીની બાજુમા કૃષ્ણનગર અમદાવાદ શહેર

નં.(૫) સચિન અર્જુનભાઇ જાતે-પટણી(હુણતીવાળા) ઉ.વ-૧૮ ધંધો- રી.ડ્રા. રહે-ભરવાડ વાસ ચાર માડીયા મનમોહન ચાર રસ્તા ઓઢવ અમદાવાદ શહેર

આરોપીઓએ લુંટના કરેલ ગુન્હાઓની કબુલાત

(૧) રાજેશ ઉર્ફે ટકલો ઇશ્વરભાઇ જાતે-પટણી(કંટારીયાવાળા)

શાહીબાગ પો.સ્ટે. પાર્ટ.A-ગુ.ર.નં-11191031200320/2020 I.P.C કલમ - 392,506(2),114 G.P.Act કલમ- 135(1) મુજબ

મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ.A-ગુ.ર.નં-11191033200283/2020 I.P.C કલમ – 395 384,324,323, 506(2) , 114 તથા G.P.Act કલમ- 135(1) મુજબ

(૨) મનોજ ઉર્ફે લલ્લુ અશોકભાઇ જાતે-પટણી (બાપુલાવાળા)

શાહીબાગ પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11191031200320/2020 I.P.C કલમ - 392,506(2),114 G.P.Act કલમ- 135(1) મુજબ

મેઘાણીનગર પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11191033200283/2020 I.P.C કલમ 395 384, 324, 323, 506(2), 114 તથા G.P.Act કલમ- 135(1) મુજબ તથા

નરોડા પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11191035200312/2020 I.P.C કલમ - 392,397,114 G.P.Act કલમ- 135(1) મુજબ તથા

અમરાઇવાડી પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11101002000167/2020 I.P.C કલમ - 394,114 G.P.Act કલમ- 135(1) મુજબ

(3) રાહુલ ઉર્ફે હુક્કો પુનમભાઇ જાતે-પટણી (ઢોલાવાળા)

નરોડા પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11191035200312/2020 I.P.C કલમ - 392,397,114 G.P.Act કલમ- 135(1) મુજબ તથા

અમરાઇવાડી પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11101002000167/2020 I.P.C કલમ - 394,114 G.P.Act કલમ- 135(1) મુજબ

(૪) ભરત ઉર્ફે અજ્યો ઉર્ફે અજય નાથાજી જાતે-ઠાકોર

નરોડા પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11191035200312/2020 I.P.C કલમ - 392,397,114 G.P.Act કલમ- 135(1) મુજબ તથા

અમરાઇવાડી પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11101002000167/2020 I.P.C કલમ - 394,114 G.P.Act કલમ- 135(1) મુજબ

(૫) **સચિન અર્જુનભાઇ જાતે-પટણી(ઠુણતીવાળા)**

શાહીબાગ પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11191031200320/2020 I.P.C કલમ - 392,506(2),114 G.P.Act કલમ- 135(1) મુજબ

મેઘાણીનગર પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11191033200283/2020 I.P.C કલમ – 395 384,324, 323, 506(2), 114 તથા G.P.Act કલમ- 135(1) મુજબ તથા

આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલ

૧. લુંટ કરવા સારૂ ઉપયોગમાં લીધેલ ઓટો રીક્ષા
૨. લુંટ કરવા સારૂ ઉપયોગમાં લીધેલ તીક્ષ્ણ હથીયાર(છરા) નંગ-૨ તથા એક હાથે પહેરાવાનું પંચ
૩. લુંટ કરી મેળવેલ અલગ અલગ ગુન્હાઓના મોબાઈલ નંગ-૧૦

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧)પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ (૨)મ.સ.ઇ દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ (૩)મ.સ.ઈ આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧ (૪) મ.સ.ઇ દિલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં-૭૬૨૦ (૫) પ્રો.મ.સ.ઇ દિગ્વિજયસિંહ ભરતસિંહ (૬) હે.કો અશ્વિનભાઈ મણીલાલ બ.નં.૮૭૨૦ (૭) હે.કો.ચેતનભાઈ રામુભાઈ બ.નં.૩૨૧૬ (૮)હે.કો સિરાજઅહેમદ લીયકતઅલી બ.નં-૮૩૩૮ (૯) હે.કો દિનકરભાઇ ભીખાભાઇ બ.નં-૩૦૪૨ (૧૦) પો.કો યુવરાજસિંહ ભરતસિંહ બ.નં-૧૩૧૪૬ (૧૧) પો.કો ચેતનસિંહ રાજેન્દ્રસિંહ બ.નં-૮૪૬૭ (૧૨) પો.કો ભરતસિંહ ભુપતસિંહ બ.નં-૮૫૨૮ (૧૩) એલ.આર. સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦ (૧૪)એલ.આર. જતીનભાઈ દિનેશભાઈ બ.નં.૧૨૭૯૮ (૧૫)એલ.આર રિતેષ નંદલાલ બ.નં.૧૧૬૪૫ (૧૬)એલ.આર અરુણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭ (૧૭) એલ.આર કિરણસિંહ ગોપાલસિંહ બ.નં-૧૨૪૩

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

ચોરીના સુઝુકી એકસેસ સાથે આરોપીને ઝડપી દાણીલીમડા પો.સ્ટે.નો વાહન ચોરીનો ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા.તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સા. તથા ઈ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીઝન સા. નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓની સુચના આધારે મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોડ મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં-૫૯૧૮ તથા પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ નાઓ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી અરબાઝ નજરૂદ્દીન જાતે કુરેશી ઉ.વ.૨૪ ધંધો.મજુરીકામ રહે.મ.નં.૨૬૨ વાડીલાલ છગનલાલની ચાલી, કેલિકો મીલ પોસ્ટ ઓફિસની સામે બહેરામપુરા અમદાવાદ શહેર નાને કાળા કલરની સુઝુકી કંપનીની એકસેસ ગાડી જેની આગળ પાછળ આર.ટી.ઓ.નંબર પ્લેટ લગાડેલ નથી. તથા ચેચીસ નંબર જોતાં MB8DP11AGK8E42613 તથા એન્જીન નંબર જોતાં AF212112509 ની કિ.રૂ.૪૫,000/- ગણાય તે સુઝુકી એકસેસ બાબતે પુછપરછ કરતા કોઇ આધાર પુરાવા રજુ કરેલ નહી અને ગલ્લા તલ્લા કરતા ધી સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ આજરોજ તા.૧૭/03/૨૦૨૦ના કલાક ૧૮/00 વાગે પકડી અટક કરી સદરી સુઝુકી એકસેસ બાબતે સઘન તપાસ કરતાં સદરી સુઝુકી એકસેસ ચોરી બાબતે દાણીલીમડા પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૨૨૦૦૧૫૦/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

એન.ડી.પી.એસ. ના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

૧૨ કિલો ૬૦ ગ્રામ ગાંજો કિંમત રૂપિયા ૨,૪૧,૨૦૦/-ના જથ્થા સાથે એક આરોપીને પકડી એન.ડી.પી.એસ મુજબનો કેસ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર ચરસ,ગાંજો,બ્રાઉનસુગર જેવા નશીલા પદાર્થો શોધી કેસો કરવાની સુચના આપેલ હોય જે સુચના આધારે *પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ સોલકી સાહેબ* ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓને અ.પો.કો ગોવિંદભાઇ કમાભાઇ નાઓએ તા ૧૬/૦૩/૨૦૨૦ ના રોજ બાતમી હકિકત આપેલ કે "એક ઇસમ કેટલોક ગેરકાયદેસર ગાંજાનો જથ્થો કોઇ જગ્યાએથી કોઇ વાહનમાં લાવી નારોલ સર્કલ ખાતે ઉતરેલ છે અને નરોલ સર્કલથી બીજી કોઇ જગ્યાએ લઈને જવાનુ હોય વાહનની રાહ જોઇને ઉભો છે"વિગેરે મતલબેની હકિકત આધારે *સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા* તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોને સાથે રાખી બે પંચોની સાથે બાતમી મુજબની જગ્યાએ રેઇડ કરી ગાંજાનો જથ્થો ૧૨ કિલો ૬૦ ગ્રામ કિંમત રૂપિયા ૨,૪૧,૨૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપી શંકરકુમાર ચંદ્રશેખર ચંદ્રવંસી રહે- ગામ- બરહી તા.- બરહી જી- હજારીબાગ ઝારખંડ નાને તા ૧૬/૦૩/૨૦૨૦ ના કલાક ૧૬/૦૦ વાગે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-સી ૧૧૧૯૧૦૨૨૨૦૦૩૧૯ ધી એન.ડી.પી.એસ એક્ટ કલમ ૮(સી),૨૦(બી)(૨) મુજબનો ગુનો દાખલ કરી આ ગુનાની તપાસ હાલમા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબનાઓ કરે છે અને આરોપીના રીમાન્ડ મેળવવાની તજવીજ કરેલ છે

આ કામગીરી કરવામા રેઇડીંગ પાર્ટીમા નીચે મુજબના અધિકારી કર્મચારીઓ સામેલ હતા

(૦૧) જે.એમ.સોલંકી સીનીયર પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૦૨) કે.એમ.ચાવડા પો.સબ.ઇન્સ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૦૩) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૦૪) અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ
(૦૫) અ.હેડ.કોન્સ સુનીલકુમાર જયંતીલાલ પી.આઇ પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ
(૦૬) અ.હેડ.કોન્સ યુવરાજસિહ ભીખુભા પી.આઇ પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૦૭) અ.હેડ.કોન્સ કુલદિપસિહ હરૂભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૦૮) અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ
(૦૯) અ.પો.કો ગોવિંદભાઇ કમાભાઇ હોક બાઇક ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૦) અ.પો.કો ઘનશ્યામભાઇ મેકરણભાઇ પી.આઇ પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ

(૧૧) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૨) અ.પો.કો પ્રભાતસિહ દેવુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૩) અ.પો.કો નારાયણભાઇ કરશંભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૪) અ.પો.કો રાજુભાઇ જેઠસુરભાઇ ઇસનપુર ટુ-ગાડી પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૫) લોકરક્ષક મહાવીરસિહ રણજીતસિહ હોક બાઇક ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૬) લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૭) ફારૂકમોહંમદ દીનમોહંમદ ડ્રાઇવર આ.હે.કો ઇસનપુર-ટુ ગાડી ઇસનપુર પોલીસ સ્ટેશન
(૧૮) લોકરક્ષક રાકેશ મથુરભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

પ્રોહિબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન :

ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂનો જથ્થા સાથે ૦૨ આરોપીઓને પકડી પાડી ઇંગ્લીશ દારુનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી રાણીપ પોલીસ

મે.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી ઝોન ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી.એલ.ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ તેમજ હાલમાં ચાલતી પ્રોહી/જુગારની ડ્રાઇવ અનુસંધાને અસરકારક કાર્યવાહી કરવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેન્લસ સ્કોડના પો.સબ.ઇન્સ જે.એન.સોલંકી તથા અ.લો.ર આનંદકુમાર રામજીભાઇ બ.નં ૧૩૧૮ અ.લો.ર અશ્વિનકુમાર વાઘાભાઇ બ.નં ૩૬૭ વુ.લો.ર પારૂલ નરવતસિંહ બ.નં ૧૦૪૯૯ નાઓ તમામ સર્વેલન્સ સ્કોડના માણસોએ રાણીપ પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દર્મ્યાન રાણીપ બસસ્ટેંન્ડ ની પાછળ આવેલ પુજા ફ્લ્લેટ આગળ આવતા જાહેર માં ખાનગી બાતમી હકીકત આધારે આરોપીઓ નં (૦૧) ઇશ્વર સ/ઓ ભગવતી જાતે નાથ(મારવાડી) ઉ.વ ૩૫ રહે. નરેશભાઇ પ્રફુલભાઇ દેસાઇ ના મકાનમાં પંગીવાસ કુંભારવાસની બાજુમાં ગુલમહોમ્મંદ ની ચાલી વસ્ત્રાપુર ગામ, અમદાવાદ શહેર તથા મુ.વ મ.નં ૩૫, હનુમાનવાટીકા,ગામ કોરાવડ,તા.ગીરવા,જી ઉદેપુર(રાજસ્થાન) તથા નં (૦૨) કરણસિંગ સ/ઓ લક્ષ્મણસિંગ જાતે રાવ (મારવાડી) ઉ.વ ૨૬ રહે.મ.નં ડી / ૩૩ અક્ષરપાર્ક એપાર્ટમેંટ, ન્યુ રાણીપ અમદાવાદ શહેર તથા મુ.વ ગામ ખોડાવ ,તા ગીરવા, જી ઉદેપુર, (રાજસ્થાન) નાઓ બન્ને પાસેથી ગે.કા અને વગર પાસપરમીટનો ભારતીય બનાવટની વિદેશી દારૂની શીલબંધ હાલતની અલગ અલગ બ્રાંન્ડની ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂની નાની-મોટી ટોટલ બોટલો નંગ ૭૯ /- જે તમામની કિં રૂ /-૨૫,૧૩૦ ની મત્તાનો તથા એક સફેદ કલરની રીટ્સ ગાડી જે ગાડી નંબર GJ-01-KV-7632 જે ગાડીની કિમંત રૂપિયા- ૧,૫૦,૦૦૦/-જેટલી ગણી શકાય તે તથા મો.ફોન નંગ 03/- જે ત્રણેય મો.ફોનની કિં રૂ ૨૦,૫૦૦/-મળી તમામની મુદ્દામાલની કિમંત રૂપિયા- ૧,૯૫,૬૩૦/-ગણી તપાસ અર્થે કબ્જે કરી બન્ને આરોપીઓને આજરોજ તા-૧૭/૦૩/૨૦૨૦ ના કલાક ૧૮/૧૦વાગે પકડી અટક કરી પ્રોહીનો ગણનાપાત્ર કેશ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.

પાસાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

ચોરીના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ"

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) સરદારનગર પો.સ્ટે. ફસ્ટ પાર્ટ- ૧૧૧૯૧૦૪૦૨૦૦૧૧૮/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. ફસ્ટ પાર્ટ-૧૧૧૯૧૦૩૫૨૦૦૧૮૧/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબ તથા (૩) નરોડા પો.સ્ટે. ફસ્ટ પાર્ટ-૧૧૧૯૧૦૩૫૨૦૦૧૮૨/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૨૮૭/૨૦૨૦ તા-૧૭/૦૩/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૭/૦૩/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૧૭/૦૩/૨૦૨૦

આરોપીનુ નામ -

"દિનેશ ઉર્ફે દિનીયો નરેશભાઇ વણકર ઉ.વ.૨૪ રહે: દામોદરની ચાલી હરદાસનગરની ચાલી હરદાસનગર પાસે બાપુનગર અમદાવાદ શહેર મુળ વતન: લાલપુર ગામ તા.કપડવંજ જી.ખેડા

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૧૭.૦૩.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કત સબંધી પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ગા.હવેલી તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોએ રોડ ઉપર પાર્ક કરેલ મો.સા.ની ચોરી કરી લઈ જનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે સમદખાન ઉર્ફે લાલાખાન અબ્દુલગની પઠાણ રહેવાસી- મ.ન.3 નુરનગર નુરે મસ્જીદ પાસે પટેલ મેદાનમા દાણીલીમડા અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

	સમદખાન ઉર્ફે લાલાખાન અબ્દુલગની પઠાણ રહેવાસી- મ.ન.3 નુરનગર નુરે મસ્જીદ પાસે પટેલ મેદાનમા દાણીલીમડા અમદાવાદ શહેર

➢ આ ઉપરાંત પ્રોહીબીશન સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૩ ઇસમો મળી **કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને ભુજ,વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.